




**માહિતી અધિકાર ૨૦૦૫ હેઠળ RTI**

તારીખ : /૦૧/૨૦૨૪

પ્રતિશ્રી,
જાહેર માહિતી અધિકારીશ્રી,
ચીફ મેનેજરશ્રી,
૭૬૫/૪૦૦/૨૨૦ કે.વી, ઉપકેન્દ્ર,
મુડેઠા, અરણીવાડા રોડ,
તા. ડીસા, જી. બનાસકાંઠા
પીન : ૩૮૫૫૩૦

અરજદારનું નામ : **ચૌધરી સુભાષકુમાર કરસનભાઈ**
સરનામું : ગામ– વધાસર,
તા–સરસ્વતી, જી. પાટણ,
પીનકોડ : ૩૮૪૨૬૫
મોબાઈલ નંબર : ૬૩૫૨૨૫૦૫૨૨

માહિતી વિભાગ : ૭૬૫/૪૦૦/૨૨૦ કે.વી, ઉપકેન્દ્ર, મુડેઠા

માહિતીની વિગતો (ટૂંકમાં) હું ભારતનો નાગરિક છું અને હું નીચે મુજબની માહિતી અધિકાર કાયદા હેઠળ માહિતી માંગુ છું.

(૧) આપની કંપની દ્વારા (પાવરગ્રીડ ખાવડા RE ટ્રાન્સમિશન સિસ્ટમ લિ. મુડેઠાથી અમદાવાદ સુધીની ૭૬૫ કે.વી.ની હાઈટેન્સન વીજ લાઈન નાખવામાં આવી રહી છે. તે પાટણ જિલ્લાના સરસ્વતી, પાટણ, ચાણસ્મા તાલુકામાં કેટલાક જમીન ખાતેદારોના ખેતરમાં ફાઉન્ડેશનનું કામ કરવામાં આવ્યું તથા કેટલાક જમીન ખાતેદારના ખેતરમાં ફાઉન્ડેશનનું કામ બાકી છે. તેનું નામ, સરનામા અને સર્વે નંબરો સાથેની પ્રમાણિત નકલો સાથેની યાદી આપવી.

(૨) પાટણ જિલ્લાના સરસ્વતી, પાટણ, ચાણસ્મા તાલુકાના જે ખેડૂતોને કલેકટર કચેરી ખાતે સુનાવણી માટે નોટીસ છોડવામાં આવી છે તે ખેડૂતોનું નામ, સરનામા અને સર્વે નંબર સાથેની પ્રમાણિત નકલો સાથેની યાદી આપવી.

(૩) પાટણ જિલ્લાના સરસ્વતી, પાટણ, ચાણસ્મા તાલુકાના જે ખેડૂતો ખાતેદાર છે તેઓના ખેતરમાં ફાઉન્ડેશન અને લાઈન પસાર થાય છે. છતાં કલેકટર કચેરી ખાતે સુનાવણી માટેની નોટીસ નથી આપવામાં આવી તેવા ખેડૂતોનું નામ, સરનામા અને સર્વે નંબરો સાથેની પ્રમાણિક નકલો સાથેની યાદી આપવી તથા કયા કારણોસર તેમની નોટીસ નથી આપવામાં આવી તેની માહિતી આપવી.

(૪) પાટણ જિલ્લાના સરસ્વતી, પાટણ અને ચાણસ્મા તાલુકાના કયા ખેડૂત ખાતેદારોના ખેતરમાંથી વીજ લાઈનના તાર (રેસા) પસાર થાય છે તે ખેડૂતોનું નામ, સરનામા અને સર્વે નંબરોની પ્રમાણિત નકલો સાથેની યાદી આપવી.

(૫) પાટણ જિલ્લાના સરસ્વતી, પાટણ અને ચાણસ્મા તાલુકાના ખેડૂત ખાતેદારોના ખેતરમાંથી જે ૭૬૫ કે.વી.ની હાઈટેન્સન વીજ લાઈનો પસાર થવાની છે. તેના તાર (રેસા) ઉપર ટેલીફોનિક કે ટેલિગ્રાફિક કોમ્યુનિકેશનના હેતુ માટે ઉપયોગ થશે કે નહી અને થશે તો કયા ઉપયોગ માટે થશે તેની માહિતી પ્રમાણિત નકલો સાથેની યાદી આપવી.

(૬) પાટણ જિલ્લાના સરસ્વતી, પાટણ અને ચાણસ્મા તાલુકાના ખેડૂત ખાતેદારોની જમીનમાં ફાઉન્ડેશનનું કામ કરવામાં આવ્યું હોય અને તેને રૂપિયાની ચુકવણી કરેલ હોય અને કેટલા રૂપિયા અને કયા કયા બેઝ પ્રમાણે ચુકવ્યા છે જે ચેક ધ્વારા કે અન્ય પ્રક્રિયા ધ્વારા તે ખેડુતોના નામ, સરનામા અને સર્વે નંબરો સાથેની પ્રમાણિત નકલો સાથેની યાદી આપવી.